Saarth E-Journal

Saarth

E-Journal of Research

E-mail: sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO: 2395-339X | Impact Factor: 6.89
Peer Reviewed | Quarterly
Vol.8, Issue.4 No.11 | Oct. to Dec. - 2023

# લોકસાહિત્યના સંશોધન-સંપાદનમાં સામયિકોનું પ્રદાન

*Dr. Ravikumar R. Vasava

## સારાંશ:

લોકવિદ્યાનું અધ્યયન, સંપાદન, સંકલન, સર્વેક્ષણ દસ્તાવેજીકરણ, સંશોધનકાર્ય ભારતમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. એ દિશામાં સીમાચિન્હ ગણાય તેવા કાર્યો થયા છે. ઘણી વ્યકાતીઓએ એકલસંસ્થા જેવા કાર્યો કર્યા છે. લોકસાહીત્યના સંપાદન-સંશોધનમાં, પ્રચાર-પ્રસારમાં સમાઈકોની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે. સંશોધિત-સંપાદિત સામગ્રીને ટપાલીની જેમ અન્યત્ર પહોંચાડવી એટલી મર્યાદિત ભૂમિકા સામયિકોની હોતી નથી. સામયિકો ઉપલબ્ધ સામગ્રીને એકત્રિત કરે, સંશોધિત કરે છે અને એમ સમગ્ર સાંસ્કૃતિક પ્રવાહમાં ચર્ચા-ચર્વણાની ભૂમિકા રચી આપે છે. ઉપલબ્ધ સામગ્રીનું દસ્તાવેજીકરણ કરવા ઉપરાંત અન્ય વિદ્યાશાખાઓને તેમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરે છે. લોકસાહિત્યના અધ્યયન-અધ્યાપન માટે વિદેશોમાં વિધિવત્ અભ્યાસક્રમો છે.

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

ભારતમાં પણ ઘણી યુનિવર્સિટીઓએ તેમ કરીને સંસ્કૃતિનું અનિવાર્ય અંગ ગણાય તેવા લોકસાહિત્ય-લોકવિદ્યાઓને અભ્યાસક્રમોમાં સામેલ કર્યા છે.

**મુખ્ય શબ્દ**: લોકસાહિત્ય, લોકવિદ્યાઓ, સંશોધન, સંપાદન, સામાયિક, મહત્વતા, પ્રદાન.

**પ્રસ્તાવના:**

કોઈપણ ભાષાના સાહિત્યની પવૃત્તિના પાયામાં સામયિકો રહેલા છે. સાહિત્ય ગ્રંથસ્થ થઈ એ પૂર્વે ઘણે ભાગે સામયિકોમાં પ્રકાશિત થતું હોય છે. એમનું કાલક્રમે લુપ્ત થઈ થોડું ગ્રંથરૂપે સચવાતું હોય છે. આથી કોઈ પણ ભાષાની અર્વાચીન કાળની સંપૂર્ણ સાહિત્યિક પ્રવૃતિનું અધ્યયન કરવું હોય તો તે સમયના સામયિકોને તપાસવા પડે. સામયિકો એ જે તે સમાજના સંસ્કાર ઘડવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવતા હોય છે. આ સામયિકો એક વર્ષની અંદર નિયમિત સમયાંતરે પ્રગટ થાય છે. એમાં પાક્ષિક, માસિક, દ્વિમાસિક, ત્રૈમાસિક, અર્ધવાર્ષિક, વાર્ષિક કે અનિયતકાલીન પ્રગટ થતાં હોય છે. ગુજરાતી સાહિત્યમાં સુધારક યુગથી લઈ અત્યાર સુધી ઘણા સામયિકો પ્રગટ થયા છે.

સાહિત્ય સામયિકોની આપણે ત્યાં આરંભથી જ એક ઉજ્જવળ પરંપરા રહી છે. યશસ્વી તેમજ આશાસ્પદ કલમોની રચનાઓ પ્રકાશિત કરતાં રહીને સાંપ્રતનો એક જીવંત તાર રણકતો રાખવામા, સમર્પણ પૂર્વક સતત નવનીત પીરસવામાં, વિવેચન-ચિંતન-સંશોધનનાં, અહીં પ્રગટેલા તેમજ બહારથી આવેલાં વિચારવલણનો પરિચય કરવવામાં ને એને વિવિધ સ્તરોએ સક્રિય કરવામાં, સમાજ ઉન્નતિ અને લોક ઉત્થાનના જાગરણમાં, વિદ્રોહો અને આંદોલનો પ્રગટાવવામાં, શબ્દસૃષ્ટિ વિકસાવી સમાન્યજનોને માટે જ્ઞાન અને કળાની પરબ બની જનકલ્યાણ અર્થે બુદ્ધિપ્રકાશ

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

તેજસ્વી બનાવવામાં, કવિતાનો કવિલોક વિકસાવી મમતાપૂર્વક અખંડ આનંદ પીરસવામાં – એમ અનેક દિશામાં આપણાં નોંધપાત્ર સામયિકોએ તેમની લાક્ષણિક આડમાં અનેરી સજ્જતાનો પરિચય આપ્યો છે અને આ સાહસોને એક કર્તવ્ય માનીને ખેડ્યું છે. એમની આવી પરિણામકારી સક્રિયતા પોતે જ એક વિશિષ્ટ અને ઐતિહાસિક પ્રદાન બની ગઈ છે. વૈવિધ્યસૃષ્ટિ ધરાવતા સામયિકો આપણી ધરોહર છે જેની જાળવણીની ફરજ આપણાં સૌની સહિયારી બની રહે છે.

**ગુજરાતમાં લોકસાહિત્ય સંશોધન-સંપાદનનો ઇતિહાસ:**

ગુજરાતમાં લોકસાહિત્યના સંશોધન-સંપાદનની શાસ્ત્રીય માંડણી ગાંધીયુગમાં (ઝવેરચંદ મેઘાણી) થઈ. ૧૯૩૬ના એપ્રિલ મહિનામાં ૧૨૦ પૃષ્ઠો સાથે પ્રકાશિત થયેલું સચિત્ર 'ફાર્બ્સ સભા ત્રૈમાસિક'ના તંત્રીનો અભિપ્રાય કઈંક આવો હતો- "ઇતિહાસ એટલે કેવળ રાજ્યવ્યવસ્થાનો જ ઇતિહાસ નહીં. સાહિત્ય એટલે પ્રાચીન કાવ્ય, આખ્યાનાદિ નહીં;પણ ગુજરાતની તે કાળની સંસ્કૃતિને સ્પર્શતી, તે કાળની સંસ્કૃતિમાં મહત્વનો ભાગ ભજવી રહેતી વિવિધ વિદ્યાઓ, શિલ્પ-સ્થાપત્યો, ચિત્રણ આદિ કલાઓ વગેરેની હકીકત પણ ખરી. તેમ એ સહુની મંડનાત્મક ચર્ચાઓ પણ ખરી- એ સૌને ત્રૈમાસિકમાં સ્થાન છે." ફાર્બસના તંત્રીનો ગુજરાતનાં ઇતિહાસ અને સાહિત્ય પર પ્રકાશ પાડનારા રાસા, રાસડા, સલાકા, પવાડા, લોકગીતો વગેરે સ્વરૂપનું લોકસહતીય પ્રગટ કરવાનો ઉત્સાહ પ્રથમ અંકમાં જ દેખા દે છે.

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

ઈ. સ. ૧૯૮૪ના ઉત્તરાર્ધમાં ‘સંસ્કૃતિ’ના પૂર્ણાહુતિ અંકમાં તેના નામકરણ વિશે ફોડ પાડતા ઉમાશંકર જોશી નોંધે છે કે –“નામનો વિચાર કરવા બેસવાપણું રહ્યું નહીં. ચાલો સંસ્કૃતિ કાઢીએ – એમ જ સૂઝ્યું. મારા પોતાના વલણને અનુસર્યો હોત તો 'ધર્મ’કહેવાનું પસંદ કરત, પણ ‘સંસ્કૃતિ’કહેવાથી ધર્મ ઉપરાંત સમયના તકાજા પ્રમાણે રાજકરણ, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન આદિ વિષયો અને મુખ્ય રસના વિષય સાહિત્ય તે સૌનો આદર થઈ શકે એમ લાગ્યું."સંસ્કૃતિએ તેમની પ્રકૃતિ મુજબ લોકસાહિત્યને સ્થાન આપીને પોતાના નામને સાર્થક કર્યું. જાન્યુઆરી ૧૯૪૭થી શરૂ થયેલા ‘સંસ્કૃતિ’ના બીજા જ અંકમાં ‘લોકકવિતાનો પારસમણિ'શીર્ષકથી છત્તીસગઢના લોકગીતો વિશેનો ઝવેરચંદ મેઘાણીનો લેખ પ્રકાશિત થયો. ૧૯૪૭ના એપ્રિલના અંકમાં એ જ લેખકનો ‘દક્ષિણ ગુજરાતના લોકગીતો’શીર્ષકથી બીજો લેખ પ્રકાશિત થયો. માધુભાઈ પટેલે ‘સંસ્કૃતિ’ના પાને ‘ખાયણાં’રજૂ કર્યા. સુરત કાંઠાના સાગરગીતો ‘અબાવણી’ ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર (૧૯૫૦) ના અંકોમાં પ્રકાશિત થયા. ‘તલોજી ઠાકોર' (રાસડો), ‘આઈ અખાતરી’જેવા પુષ્કર ચંદરવાકરના લેખો,ભવાઈનું સ્વરૂપ વિશે રસિકલાલ છો. પરીખના લેખોધ્યાન ખેંચે છે. યાદ રાખવું રહે કે રાજ્યસભાના સભ્ય તરીકે ઉમાશંકર જોશીના પહેલા વ્યાખ્યાનનો વિષય હતો ‘હરિજનો અને ગિરિજનોની સમસ્યાઓ!'

ગુજરાતી લોકસાહિત્યને વેગ આપવા માટે તત્કાલિન સરકારે ‘ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ’ની રચના સાતમા દાયકાના આરંભે કરી હતી. એ સમિતિના અધ્યક્ષ ધૂમકેતુ હતા. અન્ય સભ્યોમાં પુષ્કર ચંદરવાકર, ડૉ. મંજુલાલ મજમુદાર, ડૉ. સુધા દેસાઈ, શ્રી લાલચંદ નિનામા, શ્રી માધુભાઈ પટેલ, શ્રી કનૈયાલાલ જોશીનો સમાવેશ થતો હતો. આ સિમતિ દ્વારા લોકસાહિત્યના પ્રકાશનનું કાર્ય ‘લોકગુર્જરી' વાર્ષિક અંકથી ગંભીરપણે હાથ ધરાયુ હતું. સમિતિએ પ્રસ્તાવનામાં

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

નોંધ્યું છે –"સૂઈગામથી વાવ-થરાદ- દિયોદરમાં ગવાતાં આંજણાંનો એક નમૂનો હજુ સુધી ગુજરાતમાં પ્રસિદ્ધ નથી થયો, તો મહુવા તાલુકામાંના ભાદરોડની બહેનો નદીના જળને ઊડાડતાં ઊડાડતા ગાય છે ઝિલણયાં પણ હજુ સુધી એકત્રિત થયાં નથી. ડાકલા સાથે ગવાતી રવાણીઓ પણ નથી ભેગી થઈ, આ બધાં પર નવજુવાનો કામે લાગે, તેવાં ગીતો લાવે અને લોકગુર્જરીને સમૃદ્ધ કરે."

લાંબા અંતરાલના વિરામબાદ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્થપાયેલ શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેંદ્રનો પ્રારંભ થતાં ૨૦૧૨થી 'લોકગુર્જરી'નો ત્રૈમાસિક તરીકે નવો અવતાર સાંપડ્યો છે. ડૉ. બળવંત જાની તેના સંપાદક છે. ડૉ. નરેશ વેદ, ડૉ. હસુ યાજ્ઞિક, ડૉ. અંબાદાન રોહડીયા, ભગવાનદાસ પટેલ, ભીખુ કવિ, ભીમજી ખાચરિયા, બિપિન આશર, જેવા પ્રતિષ્ઠિત અભ્યાસીઓના લેખો તેની આગવી સમૃદ્ધિ છે તો નવી પેઢીને આ ક્ષેત્રમાં પળોટવાનો અભિગમ પણ જોઈ શકાય છે. 'કથાગીતોના ઈતિહાસ' (ડૉ. હસુ યાજ્ઞિક), 'તંત્રસાધના અને ભક્તિ' (હસમુખ વ્યાસ). 'ગુજરાતી સૂફી સંતો, પીર, ઓલિયાભક્તોની દંતકથાઓ' (ભીખુ કિવ), 'પશ્ચિમ ભારતની સંત પરંપરા અને રાજસ્થાની સંતવાણી' (ડૉ. નાથાલાલ ગોહિલ), 'ચારણી સંસ્કૃતિ : પ્રસંગ શૃંખલા (ડૉ. અંબાદાન રોહડિયા), 'નરસિંહ મહેતાનાં પદોમાં સંતસાધનાના અંશો' (નિરંજન રાજ્યગુરુ), 'ચરોતર વિસ્તારનું લોકસાહિત્ય- પ્રવાહદર્શન' (ડૉ. બળવંત જાની), 'મુસ્લીમ સંતકવિઓના ભજનોમાં ભારતીય જીવનમૂલ્ય' (ડૉ. ભરત પંડ્યા), 'સંતસાહિત્યવિમર્શ' (ડૉ. નરેશ વેદ), 'લોકવાદ્ય ડોવળું : પરિચય અને પ્રસ્તુતિ' (ડૉ. વિક્રમ ચૌધરી), 'ચારણી સાહિત્યમાં વ્યંગ્યનું નિરૂપણ' (પ્રવીણ ગઢવી), 'હેમર હાથીડો : વ્યંજના બલિષ્ઠ લોકકલ્પન' (લાલશંકર પુરોહિત) જેવા લેખો તેમાં પ્રકાશિત થયાં છે.

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

ઈ.સ. ૧૯૮૮માં ભરતનાયકના તંત્રીપદે મુંબઈથી ‘ગદ્યપર્વ’શરૂ થયું હતુ. ‘ગદ્યપર્વ'નો તળપદા ગદ્ય તરફનો આશયપરક પક્ષપાત તેની આગવી વિશેષતા હતી. એના પહેલા જ અંકમાં ‘અંધારિયો મલક’ શીર્ષકથી મણિલાલ હ. પટેલે લુણાવડા પંથકના પટેલોની લોકબોલીમાં સચવાયેલી ભૂતની દંતકથા પ્રગટ કરેલી. છઠ્ઠા વર્ષથી એટલે કે ૧૯૯૩થી ૧૯૯૮ના પાંચવર્ષ દરમિયાન તેનું સુકાન કાનજી પટેલે સંભાળેલું. કાનજી પટેલે તેમની રૂચિ અને પ્રકૃતિ મુજબ ‘ગદ્યપર્વ’માં ‘લોક’ને ઝાઝું મહત્ત્વ આપવાની શરૂઆત કરી દીધેલી. ‘આધુનિક-પરંપરાનો વિસ્તાર'એવો ધ્યેયમંત્ર ધરાવતા ‘ગદ્યપર્વ’માં અનુઆધુનિક વલણો-દેશીવાદ ઠીક-ઠીક પોષાતા રહ્યા. ૧૯૯૩માં આદિવાસીઓની મૌખિક પરંપરાઓ વિશેનો એક આખે આખો અંક પ્રકાશિત કર્યો હતો. તેમાં કાનજી પટેલે પીઠોરાનું ગાયણું પદ્યમાં ગુજરાતી અનુવાદ સાથે રજૂ કર્યું હતું. આ સામયિકમાં મૌખિક પરંપરાઓની રચનાઓ પહેલાં છપાતી. લિખિત પરંપરાની સામગ્રી એ પછીના ક્રમે છપાતી. મૌખિક પરંપરા હંમેશા લિખિત પરંપરા પહેલાં આવે, એવી માન્યતાનું વ્યવહારમાં અમલીકરણ હતું.‘ગદ્યપર્વ'ના તત્કાલીન અંકોમાં આદિવાસિઓ, વિચરતી જાતિઓ તથા વાદી-મદારી જેવી સાવ હાંસિયાની જાતિઓની મૌખિક પરંપરાને અંકે કરવાની સવૃત્તિ જોઈ શકાય છે. બેંકકર્મી તરીકે લુણાવાડામાં નૌકરી કરતા ડાહ્યાભાઈ વાઢ઼ પાસે ડાંગી મૌખિક પરંપરાનું સાહિત્ય મેળવવામાં સંપાદકકાનજીભાઈ પટેલે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કાનજી પટેલે ૧૯૯૯માં ‘વહી’સામિયકશરૂ કર્યું હતુ. લિખિત પરંપરાની કવિતાઓ ઉપરાંત લૌકિક વિધિઓ, ગેયમંત્રો, વિધિ-વિધાનો વખતે ઉચ્ચારાતા સૂત્રોટુંકમાં મૌખિક પરંપરાનું સર્વ કંઈ લિપિમાંસાચવી લેવાની નેમ તેમાં જણાય છે. સમુદાયો, જૂથો, અવ્યાખ્યાયિત ઉપેક્ષિત વર્ગોનો ઉલટથી પક્ષ લેવામાં આવ્યો હતો. અશિક્ષિત મદારી જેવી વિચરતી વિમુક્ત જાતિઓના બોલ નોંધીને તંત્રીએ માહિતીદાતાઓના નામ

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

મૂકી આપ્યા છે. અહીં લૌકિક વિધિઓમાં વપરાતા શબ્દોની ગૂઢતા તપાસવાનો પ્રયાસ હતો. 'વહી'૨૦૦૭માં બંધ પડ્યું. ૨૦૧૩માં ફરીથી "કવિતા, લૌકિક વિધિ અમે સમાજની બહુભાષી અભિવ્યક્તિ" સૂત્ર સાથે આરંભાયેલું'વહી' આજે પણ પ્રકાશિત થઈ રહ્યું છે. ફેબ્રુઆરી ૨૦૧૫માં 'કલેશ્વરી વિશેષાંક' પ્રકાશિત થયો હતો. ગુજરાત ઉપરાંત રાજ્ય બહારના વાચકો સુધી પહોંચવા માટે તેની લિપિ દેવનાગરી રાખવામાં આવી છે. આસામ ની મિશીંગ જનજાતિના કથાગીતો હિન્દીમાં અનુદિત કરીને રજૂ કરાયા છે. આસામના બ્રહ્મપુત્ર નદીના માજુલી દ્વીપ ઉપર મિશીંગ જનજાતિ વસવાટ કરે છે. મિશીંગ ઇન્ડો-તિબેટી પરિવારની ભાષા છે. આ રચનાઓ વાયા અંગ્રેજી-હિન્દીમાં આવી છે. મિશીંગ જેવી છેક છેવાડાની આદિવાસી ભાષાનું મૌખિક સાહિત્ય કહેવાતી મુખ્યધારા માટે ઉપલબ્ધ બન્યુ છે. તંત્રી નોંધ મુજબ 'હજારો વર્ષોની સ્મૃતિ આદિવાસિઓના ચિત્તમાં અંકાયેલી છે. તેની આછી ઝલક મળી શકે છે. ઘણું જતુ રહ્યું છે ને ઘણું બાકી છે. પોતાના આનંદ, સમસ્યા અને દર્દ હજી થોડાક જ આપણને દેખાયા છે. આસામ અને ગુજરાતના આજના આદિવાસી, લોક અને સાહિત્ય સંવાદને સમજવાનું આ પર્વ છે."વહી'માં મહીસાગર પંથકના ગૌરીવ્રતના ગીતો, ઉત્તર ગુજરાત ના ઠાકોર સમાજનું લગ્નગીત. દક્ષિણ ગુજરાતના માછીસમાજ ના લગ્નગીતો, વારલી-વાઘબારસ-ડેરા પ્રસંગનું ગીત, કંકુણા પરંપરાગત ગીત ઉપરાંત આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડાના કાવ્યો, ગીતોના ગુજરાતી અનુવાદ કાનજી પટેલ અને રૂપાલી બર્કે રજૂ કર્યા છે. ગુજરાતના આદિવાસી મૌખિક પરંપરાના સંપાદન અને સંશોધનમાં 'ઢોલ'નું વિશિષ્ટ સ્થાન છે. ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્રના ડાયરેક્ટર અને તેજગઢની આદિવાસી અકાદમીના સ્થાપક ગણેશદેવીએ હાંસિયાના વર્ગોની મૌખિક પરંપરાને પ્રકાશિત કરવા ઝાઝી જહેમત લીધી હતી. ભાષા કેન્દ્ર તેજગઢ દ્વારા પ્રકાશિત'ઢોલ'અહિરાણી, દેહવાલી, પાવરી, રાઠવી, ચૌધરી, કંકુણા,

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

પંચમહાલી, ભીલી, ગરાસિયા, ડુંગરીભીલી અને ભાંતુ એમ દસ આદિવાસી ભાષાઓ ઉપરાંત મરાઠી અને ગુજરાતીમાં પ્રકાશિત થતું હતું. 'ઢોલ'ના સંપાદકો જે-તે ભાષાના ભાષકો સ્વયં હતા. મરાઠી ભાષાની સમાંતરે ગુજરાત-મહારાષ્ટ્રમાં ગ્રામીણ લોકો દ્વારા બોલાતી અહિરાણીના સંપાદક ડૉ. સુધીર દેવરે, રાઠવા ભીલોની ભાષા રાઠવીના સંપાદક સુભાષ ઈસાઈ, સાતપૂડા પ્રદેશમાં જલગાંવ, ધૂળે, નંદુરબાર જીલ્લાઓમાં બોલાતી પાવરીના સંપાદક સુભાષ પાવરા, કંકુણા ભાષાના સંપાદક ડાહ્યા ભાઈ વાઢુ અને પ્રાધ્યાપક ધીરુભાઈ પટેલ હતા. ખાનદેશ ઉપરાંત તાપીના તટવિસ્તારમાં બોલાતી દેહવાલી, ભીલી, ઢોલ ના સંપાદક ચામુલાલ રાઠવા, પંચમહાલી ભીલી ઢોલના સંપાદક પ્રાધ્યાપક સુરમલ વહોનિયા, ડુંગરીભીલી ઢોલના સંપાદક પ્રાધ્યાપકજીજ્ઞાશા પટેલ, છારા, સાસી, કંજાર, ભાટ જેવ ભિન્ન નામોથી ઓળખાતી વિચરતી વિમુક્ત જાતિઓની ભાષા ભાંતુના સંપાદક રાજેશ ગુમાને, દક્ષિણ ગુજરાતની ચૌધરી ઢોલના સંપાદક પ્રાધ્યાપકવિક્રમ ચૌધરી હતા. 'ઢોલ'માં પ્રકટ થતી મોટાભાગની સામગ્રી વિવિધ સમુદાયોની ધાર્મિક-સામાજિક- સાંસ્કૃતિક માન્યતાઓ, પરંપરાઓ, ઈતિહાસ, લોકકથા, લોકાખ્યાન, વાર્તા, કુળકથા, ભાષાને લગતી હતી. ગણેશદેવીના લેખોના શીર્ષકો જે-તે ભાષામાં આ પ્રકારના છે 'કાય આહા', 'ચોપડા કુનાના', 'ચપડે કિડાણે' વગેરે.

ભાષા સંશોધન-પ્રકાશનકેન્દ્ર વડોદરા દ્વારા ૨૦૦૪ થી માસિક તરીકે 'બોલ' આરંભાયું હતુ. રંગીન મુખપૃષ્ઠ સાથે પ્રકાશિત થતા આ સામયિકના સંપાદકો વિક્રમ ચૌધરી અને સુરમલ વહોનિયા હતા. બાળકોને ધ્યાનમાં રાખીને આદિવાસી પરંપરાની કથાઓ, આદિવાસી ભાષાઓના ઉખાણાં, શબ્દો, ગીતો, ભીલી મહાભારત, કંકુણા રામકથા રજૂ થયા છે. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૯થી આ સામિયકનું નામ 'બાળકોનું બોલ'રાખવામાં આવ્યું હતું. ૨૦૧૦થી દરેક અંકમાં એક-

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

એક આદિવાસી સમુદાયનો સાંસ્કૃતિક પરિવેશ રજૂ કરાયો છે. તેની શરુઆત કંકુણા જાતિથી થયોહતો. પછીના અંકોમાં ધોડિયા, રાઠવા. દેહવાલી, ગામીત, વારલી, વાદી, મદારીઓનો પરિચય પ્રકાશિત કર્યો છે. ભાષા સંશોધન-પ્રકાશનકેન્દ્રના અન્ય સામયિકો કરતા આ સામિયક વધારે સાતત્યપૂર્વક ચાલ્યું હતું. જાન્યુઆરી ૨૦૧૦થી પ્રકાશિત થતા 'રીતિ'ની ઓળખ છે –'લોકસાહિત્ય, લોકકળા, લોકપરંપરાનો વિસ્તાર', તેમાં આદિવાસીઓના દેવ-દેવીઓના ગીતો, શ્રમગીત, વરસાદગીત, ઉત્સવગીતો, કંકુણાકથા તથા દેશની અન્ય આદિવાસી ભાષાઓની કંઠ પરંપરાની રચનાઓ અનુવાદિત કરીને પ્રકાશિત કરાઈ છે. 'અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક"ધ્યેયમંત્ર સાથે પ્રકાશિત થતા 'આદિલોક'માં દેવઘાટ (કાર્તિક ચૌધરી) નાંગલીડુંગર (માનસિંહ ચૌધરી) રાયપુરનો હુડહુડિયો ડુંગર (મંજુલા રાઠવા) દેવવાણું અને પાપી પોરગટ ડુંગરો (અરવિંદ વસાવા) નુવાડાય ડોગરી,કીમનદી (જયશ્રી ચૌધરી), ધૂટિયો આંબો (દેવચંદ વહોનિયા) વગેરે સ્થળ કે પ્રકૃતિ વિષયક દંતકથાઓપ્રકાશિત થઈ છે.૨૦૦૮થી પ્રકાશિત થઈ રહેલું દ્વિમાસિક આદિલોક મુખ્યત્વે આદિવાસી સમાજકેન્દ્રિત સામયિક છે. પણ તેમાં આદિવાસી સાહિત્ય અને ભાષાઓને કેન્દ્રમાં રાખીને વિશેષાંકો થયાં છે. આ ઉપરાંત વિવિધ ભાષાના લોકગીતો, નાનાકદની લોકકથાઓને તેમાં સ્થાન આપવામાં આવ્યું છે. જિતેન્દ્ર વસાવાના સંપાદક પદે ૨૦૧૮થી શરૂ થયેલું હિન્દી દ્વિમાસિક 'આદિવાસી ભારત'ગુજરાતી આદિવાસી સાહિત્ય અકાદમીનું મુખપત્ર છે. તેના પ્રથમ અંકમાં 'જનજાતિ ઔર લોક સંસ્કૃતિ'શીર્ષકથી વસંત નિરગુણેનો લેખ મુકીયો છે. જોકે પ્રથમ અંક પછી બીજો અંક આજપર્યંત પ્રકાશિત થયો નથી. ઈ.સ. ૧૯૮૪માં 'અવનીલોક'સામયિકના ચારેક અંકો ભગવાનદાસ પટેલન સંપાદન હેઠળ પ્રકાશિત થયા હતા.

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

'લોકવિદ્યા-લોકસંસ્કૃતિનું સામયિક' ટેગલાઈન સાથે દર છ મહિને ફેબ્રુઆરી અને ઑગસ્ટ મહિનાઓમાં પ્રકાશિત થઈ રહેલું 'કંઠસંપદા' ૨૦૧૪માં આરંભાયું હતું. છઠ્ઠા મણકાના સંપાદક પ્રશાંત પટેલ અને ભરત ખેની છે. ૭ અને ૮મા સંયુક્ત માણકામાં નિલેશ મકવાણાનું નામ ઉમેરાયું છે.આણંદની એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગના 'ફોક એન્ડ ઈન્ડીજિનિયસ સ્ટડીઝ' પ્રકલ્પ અંતર્ગત આ સામયિકનું પ્રકાશન થાય છે. સંશોધન, લોકવાર્તા, અભ્યાસ, લોકોત્સવ, ઈતિહાસ, કૃતિસમીક્ષા, ગ્રંથપરિચયવગેરે વિવિધ વિભાગોમાં લોકસાહિત્યની સામગ્રી પ્રકાશિત થતી રહે છે. ઉમરપાડા તાલુકાનાં આદિવાસી લોકગીતો જેવી સામગ્રી ધ્યાન ખેંચે છે. લોકોત્સવ વિભાગમાં રમઝાનમાસનું મહત્ત્વ, ઈતિહાસ વિભાગમાં ખંભોળજ પવિત્રધામનો ઈતિહાસ જેવા લેખો સામિયકને સેક્યુલર ઓખળ અપાવે છે. ૭-૮મા મણકામાં 'લોકગીતનો આસ્વાદ અભ્યાસ લેખ બનવો જોઈએ'શીર્ષક વાળા લેખમાં મણિલાલ હ. પટેલ નોંધે છે –'અમુક ઋતુમાં ઘેરઘેર જેમ મંદવાડના ખાટલા હોય એમ આજકાલ ગુજરાતમાં કૉલેજના પગથિયે પગથિયે લોકસાહિત્યના પાટલા માંડીને ગુણીજનો લોકસાહિત્યનાગુણગાન ગાઈ રહ્યા છે. આવભાઈ હરખા ઓળખે બેઉ સરખા !' એપીઆઈ ગુણ વાંછુઓને આવા સપાટા મારીને સામયિકોએ પોતાનો ચોકીદાર ધર્મ નિભાવવાનો હોય છે.

## સમાપન

લોકસાહિત્યના સમર્થ વાહકોમાં ભારતીય સ્તરે હિન્દી ભાષામાં પ્રકાશિત થતા 'ચૌમાસા'નું આગવુ સ્થાન છે. ૧૯૮૩થી દર ચાર મહિને પ્રકાશિત થતું આ સામયિક 'આદિવાસી લોકકલા અને બોલીવિકાસ અકાદમી, મધ્યપ્રદેશ' સંસ્કૃતિ પરિષદ ભોપાલ દ્વારા સાતત્યપૂર્વક પ્રકાશિત થાય છે. 'ચૌમાસા'ના વિશેષાંકો તેની આગવી વિશેષતા છે. 'લોક'માં અશ્વ (નવે-૨૦૦૯), 'નાગ' કેન્દ્રિત અંક

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

(૨૦૦૯), લોકમેળા વિશેષાંક (૨૦૧૨), જન્મસંસ્કાર કેન્દ્રિત અંક (૨૦૧૪), મૃત્યુસંસ્કાર વિશેષાંક (૨૦૧૪) જેવા દળદાર, રંગીન કાગળોમાં છપાયેલા વિશેષાંકો તેની સમૃધ્ધ પ્રકાશન પરંપરાને સૂચવે છે. દેશ આખાના વિભિન્ન આદિજાતિ સમુદાયોનું અઢળક લોકસાહિત્ય 'ચૌમાસા'એ સંપડાવી આપ્યું છે. ઉદયપુર-રાજસ્થાનથી 'અરવલ્લી ઉદ્ઘોષ'૧૯૮૬થી સતત પ્રકાશિત થતું હિન્દી ત્રૈમાસિક છે. મુંબઈમાં સનદી અધિકારી તરીકે નિવૃત્ત થયેલા બી.પી. વર્મા 'પથિકે'લગભગ ત્રણેક દાયકા જેટલા દીર્ઘ સમયમાં સ્વખર્ચે આ સામયિક ચલાવ્યું હતું. સર્જનાત્મક અભિવ્યક્તિને વિશેષ સ્થાન આપતા આ સામયિકમાં લોકસાહિત્ય અને લોકવિધાની . પુષ્કળ સામગ્રી પ્રકાશિત થઈ છે. 'યુદ્ધરત આમ આદમી'૧૯૮૭થી હઝારીબાગ (ઝારખંડ) થી રમણિકા ગુપ્તાના સંપાદક પદે પ્રકાશિત થતું ત્રૈમાસિક છે. રમણિકા ગુપ્તાનું તાજેતરમાં જ અવસાન થયું છે. જનવાદી અભિવ્યક્તિનું પક્ષધર આ સામયિક દલિત આદિવાસી અને વંચિત કચડાયેલા વર્ગને કેન્દ્રમાં રાખે છે. તેના વિશેષાંકો થકી લોકસાહિત્યના સંપાદન-સંશોધનમાં ઠીક-ઠીક પ્રગતિ થઈ છે. 'આદિવાસી સ્વર ઔર નઈ શતાબ્દિ' ખંડ – ૨, સળંગ અંક ૬૧, અખિલ ભારતીય આદિવાસી વિશેષાંક (૮૦), પૂર્વોત્તર કે આદિવાસી સ્વર (૭૫), લોકભાષા વિશેષાંક (૩૦), વગેરે વિશેષાંકો લોકસાહિત્ય અને લોકવિધાની સામગ્રીના વાહકો છે. અંદામાન નિકોબાર કી લોકકથાએં, મુહાવરે, લોકોક્તિયાંએવમ્ કિંવદન્તિયાં, કુડુખ મુહાવરેં, ખડિયા લોકકથાએં, જેવી સામગ્રી સામયિકના પાને જોવા મળે છે. શરૂઆતમાં ત્રૈમાસિક રહેલું આ સામિયક ૨૦૧૩થી માસિક બન્યુ હતું. એપ્રિલ ૨૦૧૮થી ફરી થી ત્રૈમાસિક બન્યું છે. આમ ભારતીય સ્તરે લોકસાહિત્યની સામગ્રી પ્રકાશિત કરવામાં સામયિકોની ભૂમિકા બહુજ મહત્ત્વની રહી છે.

## સંદર્ભ સૂચિ:

ISSN: 2395-339X
Volume:8 Issue:4 Oct. To Dec. 2023

૧. ડૉ. આનંદ વસાવા, (૨૦૧૯). લોકસાહિત્યના વિકાસમાં સામયિકોનું પ્રદાન. IJRSML, Vol. ૭, ઇસ્યુ ૩.

૨. https://www.sahityasetu.co.in/issue49/magara.php

૩. સરદાર પટેલ યુનિવર્સિટી, એમ.એ. અભ્યાસક્રમ, બીજું સેમેસ્ટર, ૨૦૧૨.

૪. https://www.spuvvn.edu/orbit-cdn/Gujarati%Lokvidya.pdf

૫. https://www.sahityasetu.co.in/issue62/chetna.html

૬. સાહિત્યસેતુ (૨૦૨૧). મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સંશોધન-સંપાદન, વર્ષ-૧૧, ઇસ્યુ-૨.

૭. https://wiki.ekatrafoundation.org/wiki/લોકસાહિત્ય%ચારણીસાહિત્ય%અભ્યાસ_

૮. www.anand-ashram.com/ananya/book%gujarat%samruddh%vangmay%varso%pdf

૯. https://www.acs.ac.in/wp-content/uploads/2021/03%pdf